# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ

## દ્વિતીય સત્રાંત કસોટી - 2022-23

| | | |
|---|---|---|
| **તા. :** 12/04/2023 | **ધોરણ :-** 8 | **ગુણ :-** 80 |
| **વાર :-** **બુધવાર** | **વિષય :- ગુજરાતી** | **સમય :-** 8.00 **થી** 11.00 |

---

**પ્રશ્ન-1. (અ) નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** (12)

(1) 'સાકરનો શોધનારો' એકાંકી નાટકમાં તમને કયું પાત્ર ગમ્યું ? શા માટે ?

(2) આખલાએ શા માટે ચંદા પર હુમલો ન કર્યો ?

(3) બેસતાવર્ષે સામાન્ય જનોનાં મનમાં કયા વિચારો આવે છે ?

**(બ) નીચેના પ્રશ્નોનાં ઉત્તર લખો.** (08)

(1) શ્રીકૃષ્ણ અને સુદામાના મિલનનું દૃશ્ય તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કવિ કઈ-કઈ વાતની શરૂઆત કરવાનું કહે છે ?

**પ્રશ્ન-2. (અ) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં આપો.** (08)

(1) મુંબઈના રેલવે-અમલદારો તારને કેમ વાંચ્યા જ કરતા હતા ?

(2) અનન્યાને વસંતઋતુ શા માટે ગમે છે ?

(3) ગામમાં શી આફત આવી પડી ?

(4) નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ ટૂબંકમાં લખો.** (08)

(1) ઉંબરાને કેવો કહ્યો છે ? શા માટે ?

(2) વ્યવહારની રીત અને ક્ષત્રિયવટ વચ્ચે શો ભેદ છે ?

**પ્રશ્ન-3. નીચેની કાવ્યપંક્તિનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.** (03)

- વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં,
  જવાનાં કાલે તો; જનક જનની ને ઘર તણાં.

**પ્રશ્ન-4. નીચે જણાવેલી પરિસ્થિતિમાં તમે શું કરશો ? વિચારીને લખો.** (03)

- તમે વાંચવા બેઠા છો. તે સમયે તમારો મિત્ર તમને રમવા બોલાવે છે. તો તમે શું કરશો ?

**પ્રશ્ન-5. આપેલ સમયપત્રકનો અભ્યાસ કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **(05)**

-: ભુજ એસ.ટી. ડેપો :-

:: સમય પત્રક ::

| બસ | આવવાનો સમય | ઉડવાનો સમય |
|---|---|---|
| ભુજ - નખત્રાણા | 7 : 45 | 7 : 50 |
| અંજાર-આડેસર | 9 : 31 | 9 : 35 |
| નલિયા-નખત્રાણા | 10 : 20 | 10 : 27 |
| મુંદરા-માતાના મઢ | 17 : 00 | 17 : 10 |
| રાપર-લખપત | 18 : 00 | 18 : 05 |
| ધોરડો-ધોળાવીરા | 11 : 00 | 11 : 15 |

**પ્રશ્નો :**

(1) કઈ બસ સૌથી વધુ સમય સ્ટેશન પર રોકાય છે ?

(2) 6 : 00 કલાકે કંઈ બસનો આવવાનો સમય છે ?

(3) સ્ટેશને કઈ બસનું રોકાણ 4 મિનિટનું છે ?

(4) 7 : 00 થી 9 : 40 કલાકની વચ્ચે કઈ-કઈ બસ સ્ટેશન પર આવે છે ?

(5) ભુજ-નખત્રાણા બસનો ઉપડવાનો સમય કયો છે ?

**પ્રશ્ન-6. નીચે આપેલી પરિસ્થિતિ પર છ થી આઠ વાક્યનો સંવાદ બનાવો.** **(06)**

(1) વરસાદ સમયે લેસન કરતાં બે મિત્રો વચ્ચેનો સંવાદ

**પ્રશ્ન-7. નીચે આપેલ વિષય પર નિબંધ લેખન કરો.** **(07)**

વૃક્ષો ધરતીની શોભા

**પ્રશ્ન-8. નીચે આપેલો ફકરો વાંચી તેને આધારે પ્રશ્નોના ઉત્તર લખો.** **(05)**

“આનંદ તો છે દર્શનાબહેન ! છેક અમેરિકા જઈને ભણી આવ્યો એ નકામું તો ન જ જાયને ! પણ એક વાત છે....” એના મોં પર વિષાદની રેખાઓ દોરાઈ- “એક વાતનું મને ખૂબ દુઃખ થાય છે. આ પ્રીતિ ઉપર મારી બહુ જ આશા હતી. એને ડૉક્ટર બનાવી અમેરિકા ભણવા મોકલવી હતી. તમે તો જાણો છો, એ ભણવામાં કેટલી હોંશિયાર છે, મારા કરતાં ક્યાંય વધારે મને એમ હતું કે મારી નાનકડી વહાલી બહેનને હું ઊંચામાં ઊંચી શક્ય હશે તે કેળવણી આપીશ. પણ હવે એ સ્થિતિ રહી નથી. મને થાય છે, હું

એનાથી મોટો એટલે મને સગવડ મળી ગઈ, હવે સ્થિતિ બદલાઈ એમાં સહન તો એને જ કરવાનું ને ? સહન તો સામાન્ય રીતે મોટાં કરે. એ મારાથી નાની તો પણ....'' એનો અવાજ ભીનો થઈ ગયો. એના હૃદયમાં રહેલી આ પ્રેમસભરવાણી જોઈને મારા દિલમાં પણ કરુણા ઊભરાઈ આવી. હું બોલી : ''કાંઈ નહિ સુમોહનભાઈ, સંયોગોથી પરાજિત ન થાય અને મુશ્કેલીઓ સામે ઝૂકી જવાને બદલે લડત આપે એનું નામ જીવન તમે આવા પુરુષાર્થી છો, પછી પ્રીતિને શાનિ ચિંતા ?''

**પ્રશ્નો :**

(1) સુમોહનને પ્રીતિ ઉપર શા માટે બહુ આશા હતી ?

(2) સુમોહનને કંઈ વાતનું વધુ દુઃખ થાય છે ?

(3) દર્શનાબહેન જીવનની વ્યાખ્યા શું આપે છે ?

(4) દર્શના બહેનનાં હૃદયમાં કરુણા શા માટે ઊભરાઈ ?

(5) કોના ચહેરા પર વિષાદની રેખાઓ દોરાઈ ?

**પ્રશ્ન-9. સૂચના અનુસાર કરો.** **(07)**

**(1) શબ્દકોશના ક્રમમાં લખો.**

મોંસૂઝણું, ચારપાઈ, દોસ્તાર, પિત્રાઈ

**(2) 'રજની' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.**

**(3) સાચી જોડણીવાળો શબ્દ શોધીને લખો.**

પુર્ણિમા, પૂર્ણિમા, પૂર્ણીમા

**(4) રેખાંકિત શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

હું આ કાર્ય કરવા <u>સમર્થ</u> છું.

**(5) એક ના બે ના થવું - રૂઢિપ્રયોગનો અર્થ લખો.**

**(6) આપેલ કહેવતનો અર્થ લખો.**

મા તે મા બીજા બધા વગડાના વા.

**(7) સાચો વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યા પૂરો.**

'નસીબ' ____________ ભાષામાંથી લેવામાં આવેલ શબ્દ છે. (ફારસી, અંગ્રેજી, અરબી)

**પ્રશ્ન-10. સૂચના અનુસાર કરો.** **(08)**

**(1)** **સમાસ ઓળખો.**

મિત્રતા તો કૃષ્ણ-સુદામાની જ !

**(2)** આપેલ શબ્દનો અર્થભેદ લખો.

પાણી-પાણિ

**(3)** આપેલ વાક્યનો પ્રકાર કૌંસમાંથી શોધીને લખો.

આઝાદીકાજે આપણા દેશનેતાઓએ કેવી અને કેટલી યાતનાઓ વેઠી હતી.

(સાદું, સંયુક્ત, મિશ્ર અને સંકુલ)

**(4)** આપેલ વાક્યમાંથી સામાસિક શબ્દ શોધીને લખો.

શાળાનો નવો ઓરડો અષ્ટકોણીય છે.

**(5)** આપેલ વાક્યમાંથી રવાનુકારી શબ્દ શોધીને લખો.

ખળખળ ઝરણાં વહે છે.

**(6)** 'કર્મ' શબ્દનો તદ્‌ભવ શબ્દ લખો.

**(7)** ક્રિયાપદનો પ્રકાર લખો.

સપના સૂતી.

**(8)** આપેલ વાક્યમાં વિરામચિહ્નો ઉમેરી વાક્ય ફરીથી લખો.

ઘણા મોટા ધનની સ્વામિની બની છો પ્રીતિ !